# દશામાની મૂર્તિ ખરીદવા માટે ધાનેરામાં ભીડ જામી

## ગયા વર્ષે પહેલા જ દિવસે લોકોના ઘરવખરીના સમાન સહીત દશામાંની મૂર્તિ પણ પૂરના પાણીમાં તણાઈ હતી

દશામાં ના વ્રત આડે હવે માત્ર ગણતરી ના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં અવનવી દશામાં ની મૂર્તિઓ નું પણ આગમન થઈ ગયું છે ત્યારે આજે ધાનેરા માં દશામાં ની મૂર્તિ ખરીદવા માટે લોકો ની ભારે ભીડ જોવા મળી હતી

દશામાં ના વ્રત કરવા માટે ભક્તો થનગની રહ્યા છે ખુબજ ઉત્સાહ સાથે તૈયારીઓ પણ કરી રહ્યા છે ત્યારે હવે દશામાના વ્રત આડે હવે માત્ર ગણતરીના જ કલાકો બાકી રહ્યા છે ધાનેરા માં આજે ખુબજ ભારે ભીડ જોવા મળી રહી છે લોકો ખુબજ ઉત્સાહ સાથે દશામાં ની મૂર્તિઓ ખરીદી રહ્યા છે જો વાત કરવામાં આવે હ્ય વર્ષ ની ગયા વર્ષે લોકો ધાનેરા માં ખુબજ ઉત્સાહ સાથે દશામાં ની મૂર્તિઓ ખરીદી હતી અને વ્રત પણ શરૂઆત કરી હતી લોકો પોતાના ઘર માં દશામાં ની પધરામણી પણ કરી હતી વ્રત ની શરૂઆત પણ કરી હતી પરંતુ દશામાના વ્રત ના બીજા દિવસે જ અચાનક ધાનેરા માં પૂર નું પાણી ફરી વળ્યું હતું અને અને લોકો ના ઘરો માં ગળાડૂબ પાણી ભરાઈ ગયા હતા ત્યારે લોકો પોતાનો જીવ બચાવવા માટે ઘર છોડી જતા રહ્યા અને લોકો ના ઘરવખરી સાથે સાથે દશામાં ની મૂર્તિ પણ પાણી માં તણાઈ જવા પામી હતી અને લોકો દશામાં વ્રત થી વંચિત રહી ગયા ત્યારે આજે આ વાત ને એક વર્ષ પૂર્ણ થયું છે અને લોકો ગયા વર્ષ નું દુઃખ ભૂલી આજે ફરી દશામાં વ્રત ની ખુબજ ઉત્સાહ સાથે તૈયારીઓ કરી છે અને ધાનેરા શહેર માં ખુબજ મોટી સંખ્યા માં લોકો દશામાં ની મૂર્તિ ખરીદવા માટે ઉમટી પડ્યા છે ત્યારે આ વખતે લોકો ને કોઈજ મુશ્કેલી નો સામનો કરવો પડે સુખરૂપ દશામાં ના વ્રત સંપ્પન થાય તેવી ભક્તો સહીત ધાનેરા વાસીઓ દશામાંને પ્રથાના કરી રહ્યા છે



# રાજ્યનો પ્રથમ ડાન્સ રિયાલિટી શો-સ્ટાર ઓફ ગુજરાત યોજાશે

## શોના ગ્રાન્ડ ફિનાલેમાં જજ તરીકેની ભૂમિકા ડાન્સ માસ્ટર ગીતા કપૂર અદા કરશે : બાળકો-યુવાનો માટે સુવર્ણ તકો

અમદાવાદ, તા.૧૦

ગુજરાતના બાળકો અને યુવાનોમાં રહેલ ડાન્સની ટેલેન્ટ અને ક્ષમતા બહાર લાવવા, તેને નિખારવા અને બાહ્યજગતમાં તેને એક અનોખુ પ્લેટફોર્મ પૂરું પાડવાના ઈરાદાથી અમદાવાદમાં ફ્રેન્ડ્સ કોમ્યુનિકેશન દ્વારા એક અનોખા નવતર પ્રયોગ સાથે ગુજરાતનો સૌપ્રથમ ડાન્સ રિયાલિટી શો-સ્ટાર ઓફ ગુજરાત નું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાન્સ રિયાલિટી શોના ઓડિશન તા.૨૨ સપ્ટેમ્બરથી અમદાવાદ અને ગાંધીનગરમાં શરૂ થશે. જે ઓડિશન જાણીતી ગુજરાતી કલાકાર મમતા સોની તેમ જ ડાન્સ ગુરુ અવીરાજસિંહ ઝાલા(મેગીસર) દ્વારા લેવામાં આવશે. એટલું જ નહી, શોના ગ્રાન્ડ ફિનાલેમાં જજ તરીકેની ભૂમિકા જાણીતા ડાન્સ માસ્ટર ગીતા કપૂર નિભાવશે એમ અત્રે શોના આયોજક ચિરાગ શર્માએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સદીઓથી ગુજરાતમાં દરેક કલાને મહત્વ આપવામાં આવ્યું છે અને લોકો ઉત્સાહપૂર્વક તેમાં ભાગ પણ લેતા આવ્યા છે એ પછી ડાન્સ, સિંગિંગ કે ચિત્રકળા કે બીજું કંઈ પણ હોય. ગુજરાતીઓ નૃત્ય અને તેના વિવિધ પ્રકારો પ્રત્યે પ્રાકૃતિક રીતે જ ખેંચાણ અને આકર્ષણ ધરાવે છે. નૃત્યકળા પ્રત્યેનો તેમનો પ્રેમ તેમની ભાથીગઢ સંસ્કૃતિ ગુજરાતીઓના વારસામાં જોવા મળે છે. ટીવી સીરીયલ એન્ડ વિવિધ ચેનલોમાં ચાલી રહેલા અવનવા રિયાલિટી શો ને જોતા આજકાલ માતા પિતામાં પણ પોતાના બાળકોને લઈને ખુબ જ જાગૃતતા આવી છે. ગુજરાતના બાળકો અને યુવાનોમાંમાં રહેલ આ ઉત્સાહ અને ટેલેન્ટને બહાર લાવવા માટે ફ્રેન્ડસ કોમ્યુનિકેશન અને ચૌધરી ફિલ્મ્સ દ્વારા અમદાવાદમાં ખુબ જ મોટા પાયે ડાન્સ રિયાલિટી શો નું આયોજન કરવામાં આવ્યું છે, જે રાજયના બાળકો અને યુવાનોને એક અદ્ભુત અને સોનેરી પ્લેટફોર્મ પૂરું પાડશે. આયોજક ચિરાગ શર્માએ વધુમાં ઉમેર્યું કે, છેલ્લા ઘણા વર્ષોથી અમે ઈવેન્ટ મેનેજમેન્ટ અને એકટીવીટીઓ સાથે જોડાયેલા છીએ અને સતત રિસર્ચ અને મેહનત પછી આ ડાન્સ રિયાલિટી શોનું આયોજન કર્યું છે. જેમાં અમે ગુજરાના ખૂણે ખૂણે થી લોકો જોડાય તેવા પ્રયત્નો કરીશુ અને તેમને ખુબ જ મોટા પાયાનું પ્લેટફોર્મ પૂરું પાડવામાં મદદરૂપ થઈશુ. આ ડાન્સ રિયાલિટી શો ના ઓડિશન તા. ૨૨ સપ્ટેમ્બર થી અમદાવાદ અને ગાંધીનગરમાં ચાલુ થશે.

ગુજરાતના દર્શકોને ખ્યાલમાં રાખીને આ શોમાં ભારતની ભાથીગળ સંસ્કૃતિ અને ડાન્સ સ્વરુપોની થીમ આધારિત ઘડવામાં આવ્યા છે. દરમ્યાન ઓડિશનમાં જજ રૂપે જોડાયેલી જાણીતી ગુજરાતી કલાકાર મમતા સોનીએ જણાવ્યું હતું કે, રિયાલિટી શોમાં જજ બનવુએ મારા માટે એક અનોખી વાત છે અને આના માટે હું ખુબ ઉત્સાહિત છું. હું માનુ છું કે ગુજરાતનો આ પ્રકારનો પોતાનો ડાન્સ શો હોવો જોઈએ કે જ્યાં યુવાનોને પોતાની પ્રતિભા દર્શાવવાની તક મળતી હોય એ ખુબ મહત્વનું છે અને મને તેનો ભાગ હોવાનો ગર્વ છે. નૃત્ય એ મારુ ઝનૂન(પેશન) છે અને મને ખબર છે કે શો માટે ડાન્સનું હુનર ધરાવતા લોકોને શોધવામાં અમે જરૂર સફળ થઈશું. હું ક્યારેક એક પ્રતિસ્પર્ધી પણ રહી ચુકી છું અને મને ખ્યાલ છે કે ત્યાં પહોંચવા માટે કેટલી મહેનતની જરુર પડે છે. હું દરેક પ્રતિસ્પર્ધીઓને નેચરલ અને શ્રેષ્ઠ ડાન્સ કરવાની સલાહ આપવા માગું છું.




**પાલનપુરની ઉમિયા વિદ્યાવિહાર ખાતે રૂબેલા રસી બાળકોને પીવડાવવી**

પાલનપુરના ઉમિયા વિદ્યાવિહાર ખાતે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીયો વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકારનાં આરોગ્ય વિભાગ દ્વારા ઓરી–રૂબેલાની રશી આપવામાં આવી રહી છે. ઉમિયા વિદ્યા વિહારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ જગણીયાએ શાળામાં અભ્યાસ કરતા ભૂલકાઓ–વિદ્યાર્થીઓના વાલીઓને શાળામાં રૂબરૂ બોલાવીને રશી પીવડાવી હતી. કેટલાક બનાવોમાં અન્ય કોઈ કારણસર આ રશી લીધા બાદ વિદ્યાર્થીઓ બીમાર થવાના બનાવો પાછળ અન્ય કારણ પણ હોઈ શકે. આ ઓરી –બીમારીનાં રક્ષણ સામે છે તે માટે આ રશીકરણ કરવામાં આવી રહયું છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને રાજભવનના સંયુક્ત ઉપક્રમે

# સેન્ચુરિઅન બ્લડ ડોનર્સ સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે સેવા ધર્મનું શ્રેષ્ઠત્તમ રૂપ રક્તદાન છે, જે મૂલ્યવાન માનવ જીવનનું રક્ષણ કરે છે. તેમણે જણાવ્યું હતું કે દાનના અનેક સ્વરૂપો છે જેમાં રક્તદાન સૌથી સુંદર અને અતિ પુણ્યકારી છે. જે રક્તદાતાઓએ સો અને તેથી વધુ વખત રક્તદાન કર્યુ છે, તેમણે પોતાનું સામાજિક દાયિત્વ અદા કરી જીવન સાર્થક બનાવ્યું છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા અને રાજભવનના સંયુક્ત ઉપક્રમે રાજભવનમાં આયોજિત સેન્ચુરિઅન બ્લડ ડોનર્સ સન્માન સમારોહમાં રાજયપાલશ્રી



સંબોધન કરી રહ્યા હતા.

રાજયપાલશ્રીએ જણાવ્યુ હતું કે રક્તદાતાઓના સન્માન જેવા જનહિતના કાર્યક્રમો રાજભવનમાં યોજવાથી રાજભવનનું ગૌરવ વધ્યું છે અને સાચા અર્થમાં રાજભવન લોકભવન બન્યું છે, જે આવકારદાયક છે. રાજયપાલશ્રીને ગુજરાત રેડક્રોસ સોસાયટીની વિવિધ સેવાભાવી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. રાજભવનની મુલાકાત લેવા ઈચ્છતા સૌને માટે સપ્તાહમાં સોમવારથી શુક્રવાર સુધી નિયત સમય માટે રાજભવનને ખુલ્લુ મુકવામાં આવ્યું છે, જેને સામાન્યજન તરફથી સારો પ્રતિસાદ સાંપડ્યો છે, તે બાબતે રાજયપાલશ્રીએ ખુશી વ્યક્ત કરી હતી. રાજયપાલશ્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે રાજ્યના સેન્ચુરિઅન બ્લડ ડોનર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

# મહેસાણા જિલ્લાની સર્ગભા માતાઓનું સન્માન-ગોદ-ભરાઈ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૧૦

મહેસાણા જિલ્લામાં યોજાઈ રહેલ મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહેસાણા



શહેરમાં ભીમનાથ મહાદેવ હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી, જિલ્લા પંચાયત પ્રમુખ શીલાબહેન પટેલ, ધારાસભ્ય સર્વે કરશનભાઈ સોલંકી, આશાબહેન પટેલ, મહિલા સુરક્ષા સમિતિના વર્ષાબહેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં માનવ જીવનના સોળ સંસ્કાર પૈકીનૌ સંસ્કાર ગર્ભ સંસ્કાર હોય છે. જિલ્લાની સર્ગભા માતાઓનું સન્માનનો ગોદ ભરાઈ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સગર્ભાઓને શ્રીફળ સાકરથી ગોદ ભરાઈ કરાઈ હતી. આ ઉપરાંત પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સારી કામગીરી કરનાર કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં રમત ગમત ક્ષેત્રે સિધ્ધી હાંસલ કરનાર દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બાળ તંદુરસ્ત હરીફાઈમાં તંદુરસ્ત બાળકો અને માતાઓનું ઉપસ્થિત મહાનુંભાવોના હસ્તે સન્માન કરાયું હતું. રસોઈ શોનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઉત્તમ રસોઈ કરનાર મહિલાઓનું સન્માન કરાયું હતું.

જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ જણાવ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંસ્થા અનુંસાર કુપોષણ એ બાળ મૃત્યુનું સૌથી મોટું કારણ છે. જેથી માતા અને બાળકો માટે સમતોલ આહાર એ સ્વાસ્થ્યની ચાવી છે. આજીવન તંદુરસ્તી માટે આદર્શ સમતોલ આહાર લેવો જરૂરી છે. સરકાર દ્વારા કુપોષણ નાબુદિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે કુપોષણ નાબુદિ અભિયાનમાં સરકાર સાથે લોક સહયોગ પણ જરૂરી છે.

કાર્યક્રમમાં પ્રોફેસર રીચાબેન મૂલચંદાનીએ મહિલા અને બાળ પોષણવિષયક માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિષ્ણુંભાઈ પટેલ, પ્રોગ્રામ ઓફિસર ગૌરીબહેન, દહેજ પ્રતિબંધક અધિકારી મુકેશભાઈ સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# એસ.ટી.ના ખાનગીકરણના મુદે કર્મચારીઓ લડી લેવાના મૂડમાં

## એસ.ટી.યુનિયનોની મિટિંગમાં આંદોલનની રણનીતિ ઘડાઈ

બનાસકાંઠા એસ.ટી. મજદૂર સંઘ, એસ.ટી.કર્મચારી મંડળ અને મજૂર મહાજન સહિતના ત્રણેય માન્ય યુનિયનો દ્વારા પાલનપુર ખાતે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં એસ.ટી કર્મચારીઓ ની પડતર માંગણીઓને લઈને આંદોલનની રણનીતિ ઘડી કાઢવામાં આવી હતી.

પાલનપુરના આંબેડકર હોલમાં એસ.ટી.ના ત્રણેય માન્ય યુનિયન સંલગ્ન એસ.ટી. કર્મીઓની મિટિંગ મા એસ.ટી ના ખાનગી કરણનો મુદ્દો ગરમાયો હતો. સાથે સાથે એસ.ટી કર્મચારીઓના ૭ માં પગારપંચ ની માંગણીને લઈ આગામી ૬ થી ૮ તારીખ સુધી એસ.ટી.કર્મીઓઓ કાળીપટ્ટી ધારણ કરી વિરોધ કરશે. જ્યારે આગામી ૧૩ અને ૧૪ તારીખે સુત્રોચ્ચાર કરી ધરણા કરશે. જ્યારે આગામી ૨૧ અને ૨૨ તારીખે સમગ્ર રાજ્ય મા એસ ટી કર્મીઓ ઘંટનાદ અને રામધૂન કરી સરકાર ને જગાડવાના પ્રયત્નો કરશે. જોકે એસ ટી નું ખાનગીકરણ મુસાફરો ના પણ અહિતમા હોઈ આગામી સમયમાં મુસાફરોના હિતમાં પણ એસ.ટી કર્મીઓ લડત આપશે તેવું એસ.ટી.મજદૂર સંઘના અગ્રણી ઘનશ્યામ બ્રહ્મક્ષત્રિયએ જણાવ્યું હતું.

## ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગુજરાતની મુલાકાતે

ભાજપા પ્રદેશ મહિલા મોરચા અધ્યક્ષા ડૉ. જ્યોતિબેન પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા વિજ્યા રાહટકરજી આવતીકાલે તારીખ ૧૧ થી ૧૨ ઓગષ્ટ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેમની સાથે ગુજરાત મહિલા મોરચાના પ્રભારી અને મહિલા મોરચાના રાષ્ટ્રીય મંત્રી અનિતાજી ગુર્જર પણ આવી રહ્યા છે. આવતીકાલ સવારે ૧૦.૩૦ વાગ્યાથી ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે તેઓ ભાજપા મહિલા મોરચાની વિવિધ બેઠકોમાં ઉપસ્થિત રહી આગામી લોકસભા ચૂંટણી અંગે તેમજ વિવિધ સંગઠનાત્મક બાબતો તથા આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન તથા માહિતી આપશે. ત્યારબાદ બપોરે ૨.૦૦ વાગે અમદાવાદ જીલ્લાની કારોબારી બાવળા ખાતે મળવાની છે તેમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

# દાંતીવાડા કૃષિ યુનિ. ખાતે ખેડૂતો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ખેડૂત મિત્રો સાથે સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો. ઉત્તર ગુજરાત વીજ કંપની લી. મહેસાણા આયોજીત આ કાર્યક્રમમાં સૂર્યશકિત કિસાન યોજનાની ખેડૂતોને વિસ્તૃત માહિતી આપતાં ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું કે આપણા લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ખેડુતોના હિત અને કલ્યાણ માટે સૂર્યશક્તિ કિસાન યોજના અમલમાં મુકી છે.

તેમણે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મુકેલ જ્યોતિ ગ્રામ યોજનાથી ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળતી થઈ છે. તેવી જ રીતે સૂર્યશકિત કિસાન યોજનાથી રાજયમાં ઉર્જા ક્ષેત્રે નવી ક્રાંતિ આવશે. મંત્રીએ જણાવ્યું કે જયોતિ ગ્રામ યોજનાથી પણ વધારે શકિતશાળી સૂર્યશક્તિ કિસાન યોજના પુરવાર થશે. તેમણે કહ્યું કે આ યોજના સફળ થવાથી દેશમાં ઉર્જા ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવશે. તેમણે જણાવ્યું કે આ યોજના હેઠળ જે ખેડૂતો વીજ કનેકશન ધરાવે છે તેઓ પોતાના ખેતરમાં વીજળી ઉત્પન કરી શકશે. જરૂરીયાત પ્રમાણે વીજળીનો ઉપયોગ કરી શકશે અને વધારાની વીજળી વેચીને આવક પણ મેળવી શકશે. તેમણે કહ્યું કે રાજયમાં ૧૫ લાખ ખેડૂતોના ખેતરમાં ૨૬ ટકા વીજ ઉત્પાદન કરવાનું આયોજન કરી આ યોજના અમલમાં મુકવામાં આવી છે.

### આકર્ષક યોજના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ અંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન બાદ સરકારે રચેલા બિન અનામત વર્ગ દ્વારા કરાયેલી વિવિધ ભલામણોને ધ્યાનમાં લઈને સરકારે આ યોજનાઓ બનાવી છે. જેમાં ઉચ્ચ અભ્યાસ માટે સવર્ણ વર્ગના વિદ્યાર્થીઓને ૧૦ લાખ રુપિયાની ચાર ટકાના વ્યાજે લોન, વિદેશ અભ્યાસ માટે ૧૫ લાખ રુપિયાની લોન આપવા સહિતની યોજનાઓનો સમાવેશ થાય છે. આ સિવાય વિવિધ ખાનગી કે સરકારી હોસ્ટેલોમાં રહીને ભણતા સવર્ણ વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાયની પણ નાયબ મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી. કુટુંબની વાર્ષિક આવક ત્રણ લાખ રુપિયાથી ઓછી હોય તેવા સ્નાતક કક્ષાના સ્ટુડન્ટ્સને સરકાર મહિને ૧૨૦૦ રુપિયા લેખે ભોજનબીલ સહાયતા આપશે. આ ઉપરાંત ધોરણ ૯થી ૧૨માં ભણતી વિદ્યાર્થિનીઓને પણ ફુડ બીલ સહાય મળશે. ધોરણ-૧૦માં ૭૦થી વધુ ટકા મેળવેલા હોય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા હોય તેવા સવર્ણ વિદ્યાર્થીઓને સરકાર દ્વારા વાર્ષિક ૧૫,૦૦૦ રુપિયા ટ્યૂશન પ્રોત્સાહક સહાય આપવામાં આવશે. પ્રાઈવેટ ટ્યુશન કે કોચિંગ ક્લાસ માટે પણ આ સહાય મળશે. દરેક વર્ષમાં એકવાર આ સહાયતા વિદ્યાર્થીઓને મળશે. ધોરણ-૧૨ સાયન્સ પછી મેડિકલ, એન્જિનિયરિંગમાં એડમિશન માટે વિવિધ કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી કરતા સ્ટુડન્ટ્સને આ પરીક્ષાના કોચિંગ માટે પણ સરકાર સહાય કરશે. ધોરણ-૧૦માં ૭૦થી વધુ ટકા મેળવ્યા હોય તેવા સ્ટુડન્ટ્સને સરકાર આ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટેના કોચિંગની ફી અથવા ૨૦,૦૦૦ રુપિયા બંનેમાંથી જે ઓછું હોય તે ચૂકવશે. સરકારી નોકરીઓ માટે જીપીએસસી તેમજ યુપીએસસી દ્વારા લેવાતી પરીક્ષાઓ ઉપરાંત, ગૌણ સેવા, પંચાયત સેવા પસંદગી મંડળ તથા કેન્દ્ર સરકારની ભરતીની પરીક્ષાની તૈયારી કરવા માટે માન્યતા પ્રાપ્ત સંસ્થામાં કોચિંગ લેતા તાલીમાર્થીઓને ૨૦,૦૦૦ રુપિયા સુધીની સહાય ચૂકવાશે. આ યોજનાનો લાભ લેવા માટે ધોરણ-૧૨માં ૬૦થી વધુ ટકા અને કુટુંબની આવકમર્યાદા ૩ લાખ સુધીની હોવી જરુરી છે. સરકાર દ્વારા સવર્ણો માટે સ્વરોજગારલક્ષી યોજનાની પણ સરકાર દ્વારા જાહેરાત કરાઈ છે.

સરકાર રિક્ષા, વાન જેવા સ્વરોજગારલક્ષી વાહનો ઉપરાંત દુકાન, ઓફિસ કરવા માટે ૧૦ લાખ રુપિયાની પાંચ ટકા વ્યાજ લેખે સહાયતા કરશે. આ ઉપરાંત, સ્નાતક થયેલા, વકીલ તેમજ એન્જિનિયરિંગનો અભ્યાસ કરનારા યુવાનો પોતાનો વ્યવસાય કરવા ઈચ્છતા હોય તો સરકાર તેમને પણ પાંચ ટકાના વ્યાજ પર રૂ.૧૦ લાખ સુધીની સહાય પૂરી પાડશે.

### કેરળ બેહાલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દશ વાગ્યા સુધી ડેમમાં ૨૪૦૧.૩૪ ફૂટ પાણી ભરાઈ ગયું હતું. ઈડુક્કીના જિલ્લા વહીવટીતંત્રએ પ્રવાસીઓને પહાડી વિસ્તારોમાં ન જવા માટે સૂચના આપી છે. સાથે સાથે ભારે વાહનોની અવરજવર ઉપર પણ બ્રેક મુકી દીધી છે. ૪૦ વર્ષમાં પ્રથમ વખત આવું બન્યુ છે જ્યારે ઈડુક્કી ડેમમાં પાંચ શેલ્ટરો ખોલી દેવામાં આવ્યા છે. ઈર્નાકુલમમાં ૬૫૦૦ અને ઈડુક્કીના ૭૫૦૦ જેટલા પરિવારોને માઠી અસર થઈ છે. વિદેશી પ્રવાસીઓ પણ ફસાયેલા હોવાનું જાણવા મળ્યું છે. કેરળમાં ભારે વરસાદના લીધે ભારે તબાઈ થઈ છે. પેરિયાર નદીમાં રૌદ્ર સ્વરૂપની સ્થિતી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાહાકાર મચી ગયો છે. ઈડુક્કીમાં ભેખડો ધસી પડવાના બનાવોમાં ૧૦ લોકોના, મલપ્પુરમમાં પાંચ, કન્નુરમાં બે, વાયનાડ જિલ્લામાં એકનું મોત થયું છે . વાયનાડ, પલક્કડ અને કોઝીકોડે જિલ્લામાં એક એક વ્યક્તિ લાપત્તા હોવાના અહેવાલ મળ્યા છે. ઈડુક્કીના અડીમાલી શહેરમાં એક જ પરિવારના પાંચ લોકોના મોત થયા છે.

અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઈડુક્કી બંધમાં પાણીની સપાટી ખુબ વધી જતાં જુદા જુદા દરવાજા ખોલવા પડ્યા હતા. મુખ્યમંત્રી પિનારાય વિજયને કહ્યું છે કે, આર્મી, નેવી, કોસ્ટ ગાર્ડ અને એનડીઆરએફની મદદ માંગવામાં આવી છે. એનડીઆરએફની જુદી જુદી ટીમો સક્રિય છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે કોઝીકોડ અને વાલાયર વચ્ચે રેલવે ટ્રેકને પણ ભારે નુકસાન થયું છે. આ રુટ ઉપર રેલવે સેવા રોકી દેવામાં આવી છે. ડિવિઝનલ રેલવે મેનેજર અને અન્ય અધિકારીઓએ પરિસ્થિતિની સમીક્ષા કરી છે. અહીં ટ્રેકને વ્યવસ્થિત કરવાની કામગીરી ચાલી રહી છે. ટ્રેન સેવાને અસર થઈ છે. વહીવટીતંત્રને ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાઈએલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે.

### જથ્થો જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. વૈભવને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. નાલાસોપારામાં દરોડા પાડવા માટે પહોંચેલી પોલીસ ટુકડીને નજીકની એક દુકાનમાંથી પણ વિસ્ફોટક ચીજવસ્તુઓનો જથ્થો મળી આવ્યો હતો. આ ચીજવસ્તુઓમાં મોટી માત્રામાં ગનપાઉડર અને ડિટોનેટરનો સમાવેશ તાય છે. એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે, આટલી ચીજવસ્તુઓથી ઓછામાં ઓછા બે ડઝન બોંબ બનાવી શકાય છે. એટીએસને આ સંબંધમાં ઘરના માલિક વૈભવ રાવતને પકડી પાડવામાં સફળતા મળી છે. તેને બપોરે મુંબઈની ભોઈવાડા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. એમ માનવામાં આવે છે કે તેના સંબંધ સનાતન સંસથા સાથે જોડાયેલા છે. તે સનાતન સંસ્થા અને હિન્દુ જનજાગૃત્તિ સમિતિનો સભ્ય હતો અને તોડફોડ તથા વિધ્વંશકારી ગતિવિધિને લઈને પોલીસની રડાર ઉપર હતો.

જો કે, સંસ્થાએ આવા આરોપોને રદિયો આપ્યો છે. વૈભવના વકીલનું કહેવું છે કે, ધરપકડના સંદર્ભમાં માહિતી આપવામાં આવી નથી. ઝડપાયેલા વૈભવની આકરી પુછપરછ ચાલી રહી છે. કોઈ હુમલાની યોજના હતી કે કેમ તે અંગે માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

### સૂર ગૂંજ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હુકમમાં નિવૃત્તિનો સમય પણ ધ્યાને નથી લીધો. જાહેર વહીવટના હિતમાં નહિ પણ તમારા કે સરકારના હિતમાં નિર્ણય લીધો હોય એવુ લાગે છે. તેમના આ નિર્ણય સામે આજે સામાન્યસભાએ આ પછી ત્રણ તલાટીના બદલીના હુકમો રદ કરી અન્યત્ર મુકવાની માંગ કરતો પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો.

આ પછી કારોબારી સમિતિના નિવૃત્ત થતા ચેરમેને વિકાસકામો જે સભ્યોએ સૂચવ્યા છે જેને વહીવટીય મંજૂરી મળી ગઈ છે પણ તાંત્રિક મંજૂરી આપવામાં વિલંબ કેમ કરવામાં આવે છે. આ માટે જિલ્લાના ચારેય તાલુકા વિકાસ અધિકારીઓને નોટીસ આપવા અને આ માસના અંત સુધીમાં જે કામોને વહીવટીય મંજૂરી આપી છે તેને તાંત્રિક મંજૂરી માટે રજુ કરી દેવાની કડક તાકીદ કરી હતી.

સામાન્ય સભામાં સમિતિઓની રચનાનો મુદ્દો જ રાજકીય ઉત્તેજનાવાળો હતો અને તે એજન્ડા પર આવતાં જ સમિતિઓની રચના કરી દેવાઈ હતી. આ પછી એકાએક કોંગ્રેસના સભ્ય દિનેશજી ઠાકોર ઉભા થઈ ગયા હતા અને આરોગ્ય સમિતિ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિના સભ્યપદેથી રાજીનામુ આપવાની જાહેરાત સાથે સભાગૃહ છોડી ગયા હતા. જો કે આ પછી પ્રમુખસ્થાનેથી મહત્વના પ્રસ્તાવો પણ પસાર કરાયા હતા. જેમાં ઓછો વરસાદ જિલ્લામાં પડ્યો હોવાથી દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની સાથે ખેડૂતોની લોન માફ કરી જેમનો પાક બળી ગયેલ હોય તેવા ખેડૂતોને મફત બિયારણ આપવાની માંગ કરતો પ્રસ્તાવ પસાર કરાયો હતો. આ પછી કુડાસણને પ્રા.આ. કેન્દ્ર નવુ મંજૂર કરી ફાળવવાની માંગ કરતો અને માંગ સાથે સામાન્ય સભાએ ભલામણ કરતો પ્રસ્તાવ પણ પસાર કરાયો હતો.

### તોડી નંખાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જુના આવાસો તોડવા માટે તબક્કવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમા સે-૧૬ માં પણ હાલ ચ અને છ કક્ષાના મકાનો તોડવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં ચ અને છ કક્ષાના ૩૬ જેટલા મકાનો તોડવા માટેની કામગીરી ચાલી રહી છે. જયારે અન્ય ૬૪ જેટલા મકાનો તોડવા માટે પણ ટુંકમાં કામ હાથ ધરાશે.

### ભાદરવો તપ્યો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહીનો છે ત્યારે ગરમીનુ પ્રભુત્તવ અત્યારથી વાતવરણમાં જોવા મળી રહયુ છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૫ ડી ગ્રી રહયુ હતુ. દિવસ દરમિયાન આકાશ સ્વચ્છ રહેવાની સાથે નગરજનોએ બપોરના સમયે આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. દિવસ દરમિયાન બફારાથી પણ નગરજનો પરેસેવે ભીંજાયા હતા.

### વકીલોનો સૂત્રોચ્ચાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નકલ માંગી હતી. આ દરમિયાન કોર્ટે નકલ આપવાનુ જણાવ્યુ હતુ પરંતુ નકલની માંગણીના અંતે પણ રેકર્ડ આવ્યો ન હતો. જયારે આ નકલની બન્ને અરજીઓ આરોપીના હાથમાં હતી. જેથી ફરિયાદીના વકીલ કરણસિંહે કોર્ટ સમક્ષ રજુઆત કરી હતી કે આ અરજીઓ આરોપી ફાડી નાંખશે તો કોર્ટના રેકર્ડનો નાશ થશે. તેમ જણાંવતા કોર્ટે એકદમ ઉશ્કેરાટમાં આવીને જણાંવ્યુ હતુ કે કોર્ટ કાર્યવાહી મારે કરવાની છે તમારે મને શીખડાવાની જરૂર નથી. ત્યારબાદ કોર્ટ ડયુટી કોન્સટેબલને બોલાવીને વકીલ કરણસિંહ વાઘેલાને કસ્ટડીમાં લઈ લેવા આદેશ કર્યો હતો. જયારે કાર્યવાહી નહીં કરો તો તમારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ કહયુ હતુ.કોર્ટના આવા બેહુદા વર્તનથી વકીલોમાં આક્રોશ પ્રવર્તયો હતો. કોર્ટ બિલ્ડીંગમાં એકત્ર થયેલા વકીલોએ સુત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ કર્યો હતો. કોર્ટની આ પ્રકારની વર્તણુંકને બાર એસોસિએશનને સખત શબ્દોમાં વખોડી કાઢી અને કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો છે.